| | |
|---|---|
| અરજી આવ્યા તારીખ | ૨૨/૦૬/૨૦૨૬ |
| અરજી દાખલ તારીખ | ૨૨/૦૬/૨૦૨૬ |
| અરજી નિકાલ તારીખ | ૧૦/૦૭/૨૦૨૬ |
| અવધિ | વર્ષ– મહિના–દિવસો<br>૦૦– ૦૦–૧૮ |

सत्य मेव जयते

**<u>મહે. એડિશ્નલ સેશન્સ અદાલત સમક્ષ મુકામ :રાજકોટ.</u>**

ફોજદારી પરચુરણ (જામીન) અરજી નં. : **૨૨૫૮ /૨૦૨૬**
આંક : ૦૭

**(૧) જનકભાઈ લક્ષ્મણભાઈ ચાવડા**
રહે. શાંતિવન સોસાયટી, સાધુવાસવાણી રોડ,
રેલનગર, રાજકોટ.
(ધરપકડ તારીખ: ૨૮/૦૬/૨૦૨૬ ) **<u>અરજદાર/આરોપી</u>**

**//વિરુધ્ધ//**

**૧. શ્રી સરકાર**
(થ્રુ જીલ્લા સરકારી વકીલશ્રી , રાજકોટ)

**<u>સામાવાળા</u>**

**અરજ :–** <u>ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી ..</u>

**ગુન્હો :–** <u>ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૩૧૬(૨), ૬૧(૨), ૩(૫), ૩૧૭(૨) મુજબનાં ગુનાના કામે</u>

---

અરજદાર/આરોપી તરફે – વિ.વ. શ્રી બી.વી.ડોડીયા
સામાવાળા /સરકારશ્રી તરફે – વિ.એ. પી.પી.શ્રી પી.કે.પટેલ

---

## –: હુકમ :–

૧. અરજદાર/આરોપીએ હાલની અરજી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયે દાખલ કરી, હાલની અરજીના માઘ્યમથી પડધરી પોલીસ સ્ટેશનના ગુના રજી.નં. ૧૧૨૧૩૦૪૨૨૬૦૩૩૩/ ૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૧૬(૨), ૬૧(૨), ૩(૫), ૩૧૭(૨) હેઠળના ગુનાનાં કામે તેઓ જયુડી. કસ્ટડીમાં હોઇ,જેથી રેગ્યુલર જામીન પર મુકત કરવા માટે અરજ કરેલ છે.

૨. આ જામીન અરજીની નોટીસ સામાવાળાઓને બજતા સામાવાળાનં.૧ / સરકારશ્રી વતી એ.પી.પી.શ્રી હાજર થયેલ છે અને આંક–૬ થી તપાસ કરનાર અધીકારીનું સોગંદનામું રજુ રખાવેલ છે.

3. હાલની અરજીની સુનાવણીના તબકકે , અરજદાર /આરોપી તર્ફે વિ.વ.શ્રીએ અરજીની હકીકતો રીફર કરી મૌખીક દલીલોમાં મુખ્યત્વે રજુઆત કરેલ છે કે , અરજદાર/આરોપી નિર્દોષ છે અને તેને ખોટી રીતે સંડોવવામાં આવેલ છે. અરજદાર/આરોપીનું નામ એફ.આઇ.આર.માં નથી.અરજદાર/આરોપીનો કોઇ રોલ ન હોવા છતાં તેની ધરપકડ કરવામાં આવેલ છે. ફરીયાદ ૪-માસ બાદ એટલે કે મોડી આપવામાં આવેલ છે. અરજદાર/આરોપી પાસેથી મુદ્દામાલની રીકવરી/ડીસ્કવરી થઇ ગયેલ છે. અરજદાર/આરોપી સામે પ્રથમ દર્શનીય કેસ નથી. અરજદાર/આરોપીની તા.

૨૮/૦૬/૨૦૨૬ના રોજ ધરપકડ થયેલ છે. અરજદાર/આરોપીની કસ્ટોડીયલ ઇન્ટ્રોગેશન થઇ ગયેલ છે. અરજદાર/આરોપી પડધરી તાલુકાના સ્થાનિક રહેવાસી છે. અદાલત જે શરતો ફરમાવે તેનું પાલન કરવા તૈયાર છે. તેથી રેગ્યુલર જામીન પર મુક્ત કરવા અરજ કરી છે.

બીજી તરફ, વિ. એ.પી.પી.શ્રીએ જામીન અરજીનો વિરોધ કરતાં રજૂઆત કરી કે ફરિયાદ મુજબ આ કામેના સહ આરોપીઓએ ફરીયાદીના સ્વર્ગસ્થ પતિ તથા સાહેદની વિ.ફોર.યુ.ડેરીના મશીનરી તથા લેબોરેટરીના સાધનો સોંપી આપેલ છે તેવો સમજુતી કરાર કરાવી લઇ બન્ને ભેગા મળી મદદગારી કરી ,પુર્વાયોજીત કાવતરુ રચી ફરીયાદીને વિશ્વાસમાં લઇ સમાધાન કરી ડેરીનો સરસામાન ડેરીની ચાવી આપેલ નહી અને ડેરીનો મશીનરીનો સામાન હાલના અરજદાર/આરોપીની વાડીએ રહેણાંક મકાને સગેવગે કરી નાખી હાલનો ગુન્હો કરેલ હોવાના આક્ષેપો છે. અરજદાર/આરોપી વિરૂદ્ધ તપાસ ચાલુ છે. જેથી ગુનાની ગંભીરતા, સજાની જોગવાઇ વિગેરે પરીબળો ધ્યાને લઇ જામીન અરજી નામંજૂર કરવા અરજ કરેલ છે.

૪. અત્રેની અદાલત ''જામીન એ નિયમ અને જેલ એ અપવાદ'' ના સિધ્ધાંતથી વાકેફ છે. વળી, આજીવન કેદ કે દેહાંત દંડ રૂપી શિક્ષા પણ થઈ શકે તેવા ગુનામાં સંડોવાયેલ આરોપી પણ પોતાનો જામીન ઉપર છૂટવા માટેનો પ્રથમદર્શનીય કેસ હોવાનું દર્શાવે તો અદાલતે તેને જામીન ઉપર મુકત કરવાનો રહે છે. એટલે કે, માત્રને માત્ર સજાનું પ્રમાણ તે જામીન અરજી મંજૂર કે નામંજૂર

કરવાનું નિર્ણાયક પરિબળ નથી. જામીન અરજીનો નિર્ણય કરતી વખતે અદાલતે જે બાબત ધ્યાને લેવાની રહે છે તે એ છે કે, આરોપીનો જામીન ઉપર છૂટવા માટેનો પ્રથમદર્શનીય કેસ, ગુનાની ગંભીરતા, આરોપીની ગુનામાં ભાગીદારી, બનાવ જેવા ગુનાનું ફરી વખત પુનરાવર્તન થવાની શકયતા, જામીનની દયાનો દૂરૂપયોગ થવાની શકયતા, આરોપીની વ્યકિતગત સ્વતંત્રતાના હકકો, તથા સમાજનું હિત, ટ્રાયલ દરમ્યાન આરોપીની હાજરી વગેરે જેવા પરિબળો અદાલતે ધ્યાનમાં રાખવાના હોય છે, જેમાંથી એકાદ પરિબળ પણ આરોપીને જામીન ઉપર છૂટવા સમર્થનકર્તા ન હોય તો આરોપી જામીન ઉપર છૂટવાના હકકો ગુમાવી બેસે છે.

૫. બંને પક્ષકારો તરફે કરવામાં આવેલ રજૂઆતો ધ્યાને લીધી. અરજદાર/આરોપીની અરજીમાં જણાવેલ હકીકતો, અરજદાર/આરોપી તથા રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા તેમજ સામાવાળા સરકાર તરફે રજૂ થયેલ ત.ક.અમલદારનું સોગંદનામું તથા પોલીસ તપાસના કાગળો, તમામ સાહિત્ય ધ્યાને લેવામાં આવ્યુ છે.

૬. એ સ્થાપિત કાનૂની સિદ્ધાંત છે કે, જામીન અરજીની વિચારણાના તબક્કે કેસના ગુણદોષની વિસ્તૃત ચર્ચામાં ઉતરવું કે પુરાવાનું મૂલ્યાંકન કરવું યોગ્ય નથી. આ અદાલતે માનનીય સર્વોચ્ચ અદાલત દ્વારા **Sanjay Chandra v. Central Bureau of Investigation**, [2012] 1 **SCC** 40

કેસમાં નિર્ધારિત કાનૂની સિદ્ધાંતોને ધ્યાનમાં લીધા છે. તમામ સાહિત્ય ધ્યાને લેતા, સદર જામીન અરજી પરત્વે નીચેના કારણો નામદાર કોર્ટ ધ્વારા ધ્યાને લેવામાં આવેલ છે.

(૧) ફરીયાદમાં અરજદાર/આરોપીનું નામ નથી.

(૨) ફરીયાદમાં અરજદાર/આરોપી સામે મુખ્ય ગુનાના કોઈ સીધા અને ચોક્કસ આક્ષેપો કરવામાં આવેલ નથી.

(૩) પ્રથમ ઘટનાથી લઈને ફરિયાદ નોંધાવવા સુધી નોંધપાત્ર સમયગાળો પસાર થયેલો છે.

(૪) ફરિયાદમાં જણાવેલ ડેરીના મશીનરીના સાધનોની રીકવરી થઈ જવા પામેલ હોવાનું તથા મુદામાલ પાવતી નં. ૧૮૭/૨૦૨૬ મુજબ તે જપ્ત કરવામાં આવેલ હોવાનું પ્રથમદર્શનીય રીતે જણાય છે.

(૫) તપાસ કરનાર અધિકારીએ રજૂ કરેલ સોગંદનામામાં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, આ ગુનાના મુખ્ય આરોપીઓએ નામ. ગુજ. હાઈકોર્ટ સમક્ષથી તા. ૧૬/૦૯/૨૦૨૬ સુધી "No Coercive Steps"નો હુકમ મેળવેલ છે.

(૪) અરજદાર /આરોપી તારીખ ૨૮/૦૬/૨૦૨૬ થી ન્યાયીક હવાલામાં જેલમાં છે.

(૫) તપાસ માટે જરૂરી કાર્યવાહી નોંધપાત્ર રીતે પૂર્ણ થઈ ગઈ છે. વધુ કસ્ટોડિયલ પૂછપરછની આવશ્યકતા હોવાનું પ્રથમદર્શનીય રીતે જણાતું નથી.

(૬) અરજદાર/આરોપી રાજકોટ જીલ્લાના સ્થાનિક રહેવાસી છે.

(૭) અરજદાર/આરોપીનો કોઈ અગાઉનો ગુનાહિત ઈતિહાસ રેકોર્ડ પર નથી.

**૭.** કેસની હકીકતો તથા સંજોગોને ધ્યાનમાં લઈ, તેમજ ફરીયાદમાં અરજદાર/આરોપી વિરુદ્ધ કરવામાં આવેલા આક્ષેપોની પ્રકૃતિ પર વિચાર કરી, પુરાવાઓની વિગતવાર ચર્ચામાં પ્રવેશ કર્યા વગર, પ્રથમદર્શનીય રીતે આ અદાલતનો મત છે કે , હાલનો કેસ એવો યોગ્ય કેસ છે જેમાં અદાલત પોતાની વિવેકાધિકારનો ઉપયોગ કરી અરજદાર/આરોપીને જરુરી શરતોને આધીન રેગ્યુલર જામીન પર મુકત કરવાનો હુકમ કરી શકે. આમ ,જરુરી શરતોને આધીન અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા ન્યાયીક ડીસ્ક્રીશન વાપરવું યોગ્ય જણાઈ આવતુ હોય, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરુ છું.

**-: હુ ક મ :-**

(૧) અરજદાર/આરોપી **: જનકભાઈ લક્ષ્મણભાઈ ચાવડાની હાલની** ફોજદારી પરચુરણ **જામીન અરજી નં. ૨૨૫૮/૨૦૨૬** આથી નિચે મુજબની **શરતોને આધીન મંજૂર** કરવામાં આવે છે.

અરજદાર/આરોપી **રૂ.૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા)** નાં સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત-મૂચરકા સંબંધીત ટ્રાયલ કોર્ટ સમક્ષ રજૂ કરેથી તેઓને નીચેની શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો</u> :-**

**૧.** અરજદાર/આરોપીએ તપાસના કામે સહકાર આપવો અને ત.ક.અમલદાર જયારે બોલાવે ત્યારે હાજર રહેવુ તેમજ ટ્રાયલ દરમ્યાન નિયમિત હાજર

રહેવું.

**૨.** અરજદાર/આરોપીએ જામીન આપતી વખતે પોતાના સ્થાયી/ સ્થાનિક રહેઠાણનું સરનામું દર્શાવતો કોઈપણ આધાર પુરાવો તપાસ કરનાર અમલદારશ્રી તથા નામ.કોર્ટ સમક્ષ રજૂ કરવો તથા અરજદાર/આરોપી નામદાર કોર્ટની પુર્વ પરવાનગી વિના રહેઠાણ બદલી શકશે નહિ તેમજ ભારત દેશની હદ છોડી શકશે નહિ.

**3.** અરજદાર/આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો તે સંબંધીત ટ્રાયલ કોર્ટ સમક્ષ દિન–૭ માં રજૂ કરવો અને જો પાસપોર્ટ ધરાવતા ના હોય તો તે અંગેનું સોગંદનામું રજૂ કરવું.

**૪.** અરજદાર/આરોપીએ ફરિયાદ પક્ષના સાક્ષીઓને ફોડવા કોશિષ કરવી નહિ કે પુરાવા સાથે ચેડાં કરવા નહિ.

**૫.** અરજદાર/આરોપીએ અન્ય કોઈપણ ગુનાહિત પ્રવૃતિમાં સંડોવાવું નહિ.

આ હુકમ આજ તારીખ **: ૧૪ મી, માહે : જૂલાઈ , સને ૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ,

તારીખ : ૧૪ –૦૭–૨૦૨૬

**(તેજસ એસ. બ્રહમભટ્ટ)**
બીજા એડિશ્નલ સેશન્સ
અને સ્પે. જજ(પોકસો એકટ),
રાજકોટ.
GJ 00609